# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-02-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓને આહારથી વ્યવહાર અને વિચાર સુધીનો ગુરુ મંત્ર આપ્યો.

2) પ્રયાગરાજમાં રેલવે મથક બંધ હોવાની અફવા અંગે રેલવે પ્રશાસને સ્પષ્ટતા કરી

3) કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ હાથીપગા રોગ'ને નાબૂદ કરવા સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનો શુભારંભ કર્યો

4) **રાજ્યમાં એગ્રીકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ યોજના હેઠળ અત્યાર સુધીમાં 3 હજાર 900 કરોડ રૂપિયાની સહાય મંજૂર કરાઇ**

5) રાજ્ય પોલીસ વડાએ આવતીકાલથી હેલમેટના નિયમનાં કડક પાલન કરવા સરકારી કર્મચારીઓને સૂચના આપી

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM PARIKSHA PE CHARCHA

પ્રધાનંત્રી નરેન્દ્ર મોદીએ વ્યક્તિનાં સર્વાંગી વિકાસનું માધ્યમ તરીકે શિક્ષણનાં મહત્વ પર ભાર મૂક્યો હતો.

શ્રી મોદીએ આજે યોજાયેલા પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાનાં તણાવથી દૂર રહેવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને આહારથી માંડીને વ્યવહાર અને વિચાર સુધીનો ગુરુ મંત્ર આપ્યો હતો. પ્રધાનમંત્રી વાલીઓને પોતાના સંતાનોની વિશેષ આવડતને ઓળખવા અનુરોધ કર્યો.

(બાઇટ: નરેન્દ્ર મોદી – પ્રધાનમંત્રી )

. . . . . . . . . . . . .

# CM PARIKSHA PE CHARCHA

'પરીક્ષા પે ચર્ચા'ની આઠમી કડી અંતર્ગત રાજ્યની 40 હજારથી વધુ શાળાના 61 લાખ 50 હજારથી વધુ વિધાર્થીઓએ પ્રધાનમંત્રીનાના સંવાદનું પ્રસારણ નિહાળ્યું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદની ક્રિસ્ટલ સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. શ્રી પટેલે વિદ્યાર્થીઓને તણાવ મુક્ત રહીને અને ડર છોડીને પરીક્ષા આપવા અનુરોધ કર્યો. શ્રી પટેલે જણાવ્યું કે, વિદ્યાર્થી જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે સમયનું વ્યવસ્થાપન એ એકમાત્ર ઉપાય છે.

આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયા અને ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. શ્રી પાનશેરિયાએ જણાવ્યું કે ફળની આશા રાખ્યા વિના જ મહેનતરૂપી કર્મ કરતાં રહેવું જોઈએ.

. . . . . . . . . . . . .

# GOVERNOR - PARIKSHA PE CHARCHA

ગાંધીનગરમાં કડી સર્વ વિદ્યાલયના બાળકો સાથે પ્રધાનમંત્રીના 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ નિહાળતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે સફળતા માટે સખત મહેનત, આત્મવિશ્વાસ અને આત્મનિયંત્રણ ખૂબ જ મહત્વના છે. આ પ્રસંગે શ્રી દેવવ્રતે વિદ્યાર્થીઓને પરીક્ષા સમયે વધુ સારું પ્રદર્શન કેવી રીતે કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

. . . . . . . . . . . . .

# RAILWAY DRM PRESS

પ્રયાગરાજમાં રેલવે મથક બંધ હોવા અંગે રેલવે પ્રશાસને સ્પષ્ટતા કરી છે. પ્રયાગરાજમાં રેલવે મથક બંધ હોવાની અફવા અંગે સ્પષ્ટતા કરતાં અમદાવાદ વિભાગીય રેલવે મેનેજર સુધીર કુમારે જણાવ્યું કે પ્રયાગરાજમાં તમામ રેલવે મથક કાર્યરત છે. તેમણે ઉમેર્યું કે છેલ્લા 24 કલાકમાં 12 લાખ 50 હજાર લોકોએ મુસાફરી કરી. ગઇકાલે પ્રયાગરાજથી આશરે 330 ટ્રેનોનું સંચાલન કરાયું.

(બાઇટ: સુધીર કુમાર - અમદાવાદ વિભાગીય રેલવે મેનેજર)

. . . . . . . . . . . . .

# JP NADDA FILARIASIS

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ ગાંધીનગર ખાતે વર્ચ્યુઅલ રીતે હાથીપગા રોગ’ને નાબૂદ કરવા માટેના સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનું લોન્ચિંગ કર્યું. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના નેત્રંગ, નાંદોદ, ડેડીયાપાડા અને વઘઈ એમ ચાર તાલુકાઓમાં અંદાજે 5 લાખ 46 હજાર નાગરિકોને સામૂહિક દવા વિતરણ કરાશે. જ્યારે, બે વર્ષથી નાના બાળકો, સગર્ભા મહિલા, અતિશય બિમાર વ્યક્તિ અને પ્રસૂતિના એક અઠવાડિયા સુધીની ધાત્રી માતાઓને આ દવા ગળાવામાં આવશે નહિ.

આ અભિયાન અંતર્ગત ૧૨ ફેબ્રુઆરી દરમિયાન 776 આંગણવાડી, 748 શાળાઓ અને 13 જેટલી મહાવિદ્યાલયમાં આરોગ્ય કાર્યકરોની 610 ટીમો દ્વારા બાળકોને દવા રૂબરૂમાં ગળાવવામાં આવશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# AIF –SAHAY MANJUR

**રાજ્યમાં એગ્રીકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ-AIF એટલે કે, કૃષિ માળખાકીય સુવિધા ભંડોળ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૩ હજાર ૫૦૦ કૃષિલક્ષી પ્રોજેક્ટ્સ માટે ૩ હજાર ૯૦૦ કરોડ રૂપિયાની સહાય મંજૂર કરવામાં આવી છે.**

**કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું આ ભંડોળ દ્વારા ખેડૂતોને તેમની ઉપજના સંગ્રહ અને પ્રોસેસિંગ માટે સારી સુવિધા અને નવી ટેકનોલોજી મળશે.** આ અંગે વધુ વિગતો આપતાં, તેમણે જણાવ્યું આ પ્રોજેક્ટ્સમાં ૬૪૩ સોર્ટીંગ અને ગ્રેડિંગ યુનિટ, ૫૮૫ વેરહાઉસ, ૫૫૫ કસ્ટમ હાયરીંગ સેન્ટર, ૫૪૦ પ્રાયમરી પ્રોસેસિંગ યુનિટ તેમજ ૨૩૬ જેટલા કોલ્ડ સ્ટોરેજ અને કોલ્ડ ચેઈનના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ યોજનાથી કૃષિ ક્ષેત્રે ગ્રામીણ રોજગારીની તકોમાં અનેકગણો વધારો થયો છે. આ યોજનાના સફળ અમલીકરણ અને ઉત્કૃષ્ટ કામગીરીમાં ગુજરાત દેશમાં પાંચમા ક્રમે આવતા કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણના હસ્તે પુરસ્કાર એનાયત કરાયો હતો

ઉલ્લેખનીય છે કે, દેશના ખેડૂતોને સ્વનિર્ભર બનાવવા તેમજ કૃષિ સંબંધિત માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૦માં આ યોજનાની જાહેરાત કરી હતી, જે વર્ષ ૨૦૩૩ સુધી અમલમાં રહેશે.

. . . . . . . . . . . . .

# KHEDA DEATH

ખેડા જિલ્લાના નડીયાદમાં ગઇકાલે કેફી પીણું પીવાથી થયેલાં ત્રણ વ્યક્તિઓના મોત મામલે આજે ખેડા પોલીસે ત્રણ મૃતકનાં લોહીના નમૂનાના તપાસ માટે મોકલ્યાં છે. આ અંગે જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ વધુ માહિતી આપી.

(બાઇટ: રાજેશ ગઢીયા – જિલ્લા પોલીસ વડા ખેડા )

. . . . . . . . . . . . .

# GOVT . EMPLOYEE –TRAFFIC RULE

રાજ્ય પોલીસવડા વિકાસ સહાયે, સરકારી કર્મચારીઓને ટ્રાફિક નિયમોનું પાલન કરવા સ્પષ્ટપણે સૂચના આપી છે.

રાજ્યની સરકારી કચેરીઓના પ્રવેશ અને નિકાસ ઉપર ટ્રાફિક પોલીસ હાજર રહેશે તેમજ હેલ્મેટ નહિ પહેરેલ કર્મચારી સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. આવતીકાલથી આ નિયમનું કડક પાલન કરાવવા અંગે શ્રી સહાયે સૂચના આપી છે.

. . . . . . . . . . . . .

# ARAVALLI STRIKE

અરવલ્લી જિલ્લામાં ધરણાં પર ઉતરેલા મોડાસા નગરપાલિકાના સફાઈ કામદારોના પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ કરવાનો પાલિકાએ ખાતરી આપી છે. પાલિકાનાં ઓફિસર ભદ્રેશ પટેલે સફાઈ કર્મચારીઓના પડતર પ્રશ્નોનાં નિરાકરણ માટે આશ્વાસન આપતાં આ મુજબ જણાવ્યું.

(બાઈટ : ભદ્રેશ પટેલ, ચીફ ઓફિસર, મોડાસા નગરપાલિકા)

. . . . . . . . . . . . .

# KULDEEP SHARMA –BHUJ COURT

ભુજ સેશન્સ અદાલતે 40 વર્ષ જૂના કેસમાં તત્કાલીન ભુજ જિલ્લા પોલીસ વડા એસપી કુલદીપ શર્માને 3 માસની કેદની સજા કરી છે.

આજે જાહેર કરાયેલા ચુકાદામાં, અદાલતે કચ્છના કોંગ્રેસ અગ્રણી ઈભલા શેઠને માર મારી અપમાનિત કરાયાની ફરિયાદમાં કુલદીપ શર્મા અને સાથી કર્મચારી ગિરીશ વસાવડાને દોષીત જાહેર કર્યાં હતાં. આ કેસનાં સહ આરોપી પીએસઆઇ બિશ્નોઈ અને બી એન ચૌહાણ મૃત્યુ પામ્યા છે,

. . . . . . . . . . . . .

# KUTCH EARTHQUAKE

કચ્છ જિલ્લાના રાપરમાં આજે વહેલી સવારે  ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. પશ્ચિમ કચ્છના અમારા સંવાદદાતા હેમાંગ પટણી જણાવે છે કે રાપરથી 7 કિલોમીટર દૂર દક્ષિણ-પશ્ચિમ દિશામાં 3.1ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો. ગાંધીનગર સ્થિત ભૂકંપશાસ્ત્રીય સંશોધન કચેરીએ વહેલી સવારે 2 વાગ્યે અને 46 મિનિટે આફ્ટરશોક નોંધાયો હતો. જોકે, સ્થાનિક લોકોને તેની કોઈ ખાસ અસર જણાઈ ન હતી.

. . . . . . . . . . . . .

# Cricket - Police

અમદાવાદનાં નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે બુધવારે રમાનારી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની એકદિવસીય ક્રિકેટ મેચ અંતર્ગત પોલીસ કમિશ્નરે એક જાહેરનામું બહાર પાડ્યું છે.

મેચ જોવા આવતાં દર્શકોને પગલે ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જનપથથી મોટેરા સ્ટેડિયમ મુખ્ય ગેટ થઈ કૃપા રેસીડેન્સી થઈ મોટેરા ગામ સુધીનો જતો-આવતો માર્ગ વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત કરાયો છે.

જ્યારે તપોવન સર્કલથી ONGC ચાર રસ્તાથી જનપથ થઈ પાવર હાઉસ ચાર રસ્તાથી પ્રબોધરાવાળ સર્કલ સુધી અવરજવર કરી શકાશે. તેમજ કૃપા રેસિડિન્સીથી શરણ સ્ટેટસ, ભાટ કોટેશ્વર રોડ, એપોલો સર્કલ તરફ અવર-જવર કરી શકાશે.

. . . . . . . . . . . . .

# Cricket ---Metro timing

દરમિયાન ક્રિકેટ મેચને કારણે ૧૨ ફેબ્રુઆરીએ મેટ્રો ટ્રેન રાત્રિના ૧૨ વાગ્યા સુધી ચાલશે.

૧૨ ફેબ્રુઆરીને બુધવારે, મોટેરાથી એપીએમસી અને થલતેજથી વસ્ત્રાલ સુધી મેટ્રો ટ્રેન દર ૮ મિનિટે મળશે. રાત્રે ૧૦ થી ૧૨ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમિયાન માત્ર, મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદના કોઈ પણ મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે.

રાત્રિના ૧૦ વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ કરવા માટે માત્ર પેપર ટિકિટ લેવાની રહેશે કે જે આખા દિવસ દરમિયાન નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઇકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનો પરથી તે દિવસે અગાઉથી ખરીદી શકાશે, જેથી પરત ફરતી વખતે મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન ખાતે ટિકિટ માટે લાઇનમાં ઉભા રહેવાનું ટાળી શકાય.

મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ રાબેતા મુજબ જ રહેશે.

. . . . . . . . . . . . .